## આજે ધો. 10 SSC બોર્ડનુ પરિણામ જાહેર થતાં પંચમહાલ-દાહોદ જિલ્લાના વિદ્યાર્થીઓમાં કહી ખુશી કહી ગમ નો માહોલ

# પંચમહાલ જિલ્લાનું કાલોલ કેન્દ્ર 93.27% સાથે અવ્વલ

### ધોરણ-૧૦ ના પરિણામમાં ગતવર્ષની સરખામણીમાં જિલ્લામાં ૨.૮૨% નો નોંધપાત્ર વધારો: A1 ગ્રેડમાં ૧૨૧ વિદ્યાર્થીઓ વધ્યા

(પ્રતિનિધ) ગોધરા તા.6
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ-2026માં લેવાયેલી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર ધોરણ-10ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યનું કુલ પરિણામ 83.86 ટકાની સામે પાંચમહાલ જિલ્લાનું કુલ પરિણામ ૭૬.૪૨ ટકા નોંધાયું છે. આ વર્ષે જિલ્લાના પરિણામમાં ગત વર્ષની તુલનાએ સકારાત્મક સુધારો જોવા મળ્યો છે.

પરિણામની મુખ્ય વિગતો:

કુલ પરિણામ: પંચમહાલ જિલ્લાનું કુલ પરિણામ ૭૬.૪૨% નોંધાયું છે, જે ગત વર્ષના ૭૩.૬% કરતા ૨.૮૨% વધારે છે. સમગ્ર જિલ્લામાં કાલોલ કેન્દ્ર ૯૩.૨૭% પરિણામ સાથે પ્રથમ ક્રમે રહ્યું છે. જ્યારે ખોજલવાસા કેન્દ્રનું પરિણામ સૌથી ઓછું ૪૮.૪૮% રહ્યું છે. વિદ્યાર્થીઓની સંખ્યાઆ વર્ષે કુલ ૨૩,૦૩૯ વિદ્યાર્થીઓ નોંધાયા0 હતા, જેમાંથી ૨૨,૪૩૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. કુલ ૧૭,૧૪૧ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ (Eligible for Qualifying Certificate) થયા છે. આ વર્ષે જિલ્લામાં ૩૫૦ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો છે, જે ગત વર્ષ (૨૨૯) કરતા ૧૨૧ નો વધારો દર્શાવે છે. A2 ગ્રેડ ૧૩૦૧ ,B1 ગ્રેડ ૨૫૮૧,B2 ગ્રેડ ૪૨૪૫,C1 ગ્રેડ માં ૫૦૫૪,C2 ગ્રેડમાં ૩૩૨૫,D ગ્રેડમાં ૨૮૩,E1 ગ્રેડ ૨૬૭૨ તથા E 2 ગ્રેડ ૨૬૧૮ જેટલા વિદ્યાથીઓ નોંધાયો છે. E1 અને E2 (Not Qualifying) વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે, જે શિક્ષણની ગુણવત્તામાં સુધારો સૂચવે છે. આ વર્ષે જિલ્લામાં ૧૦૦% પરિણામ મેળવનાર શાળાઓની સંખ્યા ૨૬ જેટલી છે .જેમાં ગતવર્ષની સરખામણીમાં ૪ શાળાઓનો વધારો થયો છે. તદુપરાંત 0% પરિણામ ધરાવતી શાળાઓ અને 30% થી ઓછું પરિણામ ધરાવતી શાળાઓમાં પણ ૩-૩ શાળાઓનો ઘટાડો થયો છે.

## સિંગવડની શ્રી સરદાર પટેલ વિદ્યાલય નાના આંબલીયાનુ ધોરણ 10 નું 90.54% પરિણામ



**સિંગવડ :** સિંગવડ તાલુકાની નાના આંબલીયા ની શ્રી સરદાર પટેલ વિદ્યાલય નું 6 મેના રોજ ધોરણ 10નું પરિણામ જાહેર કરવામાં આવ્યું. જેમાં શ્રી સરદાર પટેલ વિદ્યાલય નાના આંબલીયા નું ભવ્ય પરિણામ આવ્યું જેમાં શાળાનું પરિણામ 90.54 ટકા આવ્યું જેમાં પ્રથમ નંબરે બારીયા જિજ્ઞાબેન રમેશભાઈ 600 માર્ક્સ 575 માર્ક મેળવી 95.83% પ્રાપ્ત કર્યા જ્યારે બીજા ક્રમે બારીયા કલ્પનાબેન બકુલભાઈ 600 માર્કમાંથી 521 મેળવી 85.16% પ્રાપ્ત કર્યા તથા ત્રીજા ક્રમે બારીયા સતિષ કુમાર વિપુલભાઈ 600 માર્ક્સ માંથી 509 માર્ક મેળવી 84.83% પ્રાપ્ત કરેલા જ્યારે ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી તથા શાળાના આચાર્ય મહેન્દ્રભાઈ એન પટેલ તથા સ્ટાફ ગણો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## કાલોલ એમજીએસ અને ગર્લ્સ સ્કૂલે બોર્ડની પરીક્ષામાં ૯૫ ટકા ઝળહળતું પરિણામ પ્રાપ્ત કરતાં શાળા સંચાલકોમાં ખુશીની લહેર પ્રસરી

**કાલોલ :** ધોરણ-10 બોર્ડની પરીક્ષા નું ઓનલાઈન પરિણામ આવ્યા ની સાથે જ વિદ્યાર્થી મા ખુશીની લહેર પ્રસરી ઊઠી છે. કાલોલ કેન્દ્ર સતત બીજા વર્ષે પંચમહાલ જીલ્લામાં પ્રથમ ક્રમાંકે આવેલ છે.કાલોલ ની ધી.એમ જી એસ હાઇસ્કૂલ ખાતે કુલ વિદ્યાર્થીઓ એ પરીક્ષા આપી - ૧૯૮ વિદ્યાર્થીઓ જેમાં પાસ વિદ્યાર્થીઓ - ૧૮૯,નાપાસ વિદ્યાર્થીઓ - ૦૯ કુલ પરિણામ = ૯૫.૪૫% આવેલ છે. જ્યારે શ્રીમતી સી બી ગર્લ્સ હાઇસ્કૂલ કાલોલ કુલ વિદ્યાર્થીઓ 147 એ પરીક્ષા આપી જેમાં પાસ : 140,નાપાસ : 07 કુલ પરિણામ: 95.23% જેટલું આવેલ છે. ત્યારે શ્રી કાલોલ કેળવણી પ્રચારક મંડળ દ્વારા સંચાલિત એમજીએસ અને ગર્લ્સ હાઈસ્કૂલનું આ વર્ષે ૨૦૨૬ એસએસસી બોર્ડની પરીક્ષામાં ઝળહળતું બન્ને શાળામાં સતત બીજા વર્ષે ૯૫ ટકા પરિણામ પ્રાપ્ત કરતાં સમગ્ર શાળા સ્ટાફ સાથે શાળા સંચાલકોમાં ખુશીની લહેર પ્રસરી ઉઠી છે.પ્રાપ્ત માહિતી અનુસાર કાલોલ શહેર સ્થિત ધી એમજીએસ અને ગર્લ્સહાઇસ્કુલ ૨૦૨૬ માં એસએસસી બોર્ડમાં બન્ને શાળામાં ધોરણ દસનું ૯૫ ટકા ઝળહળતું પરિણામ આવ્યું હતું જેમાં આ વર્ષે એસએસસી બોર્ડની પરીક્ષામાં શાળાના સાત વિદ્યાર્થીઓ એ ગ્રેડ પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું હતું જેમાં દક્ષ સંતોષકુમાર રાણા ૯૮.૭૨ ટકા મેળવી શાળામાં પ્રથમ આવેલ છે જ્યારે આસ્થા જનક પરમાર ૯૭.૨૩ ટકા સાથે અને સતવંતકુમાર ગોવિંદભાઈ રાઠોડ પણ ૯૭.૨૩ ટકા સાથે બીજા નંબર પર આવ્યા છે. જ્યારે ત્રીજા નંબર પર અપેક્ષાબેન કમલેશભાઈ તડવી ૯૬.૬૬ ટકા સાથે અને પ્રિન્સકુમાર દિનેશભાઈ પ્રજાપતિ પણ ૯૬.૬૬ ટકા સાથે ત્રીજા નંબર પર આવ્યા છે.વિશ્વકુમાર વસંતભાઈ બારોટ ૯૫.૭૪ ટકા સાથે ચોથા નંબરે આવ્યા છે.જ્યારે અમિતકુમાર સુરેશકુમાર સોલંકી ૯૫.૨૬ ટકા સાથે પાંચમાં નંબર પર આવ્યા છે.સીબી ગર્લ્સ હાઇસ્કુલ ના નિકિતા સોલંકી ૯૬.૮૦ ટકા શાળામાં પ્રથમ તથા બીજા નંબર પર દેવાંશી પરમાર ૯૪.૭૮ ટકા તથા ત્રીજા ક્રમાંક પર ખુશી રાઠોડ ૯૪.૪૫ ટકા અને ચોથા નંબર પર ધ્યાના કાછીયા ૯૩.૯૫ ટકા અને પાંચમાં નંબરે માનસી ચૌહાણ ૯૩.૬૨ ટકા સાથે આવ્યા છે.બોર્ડ એક્ઝામ માં સાથે એમજીએસ અને ગર્લ્સ હાઈસ્કૂલ ની ઉચ્ચ સફળતાથી વિદ્યાર્થીઓના પરિજનો સાથે પરિચિતો અભિનંદન ની વર્ષા કરી રહ્યા છે

## લીમખેડાની શ્રી હસ્તેશ્વર સ્કૂલનું એસ એસ સી બોર્ડનુ ઝળહળતું પરિણામ

**લીમખેડા :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ધોરણ ૧૦ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું જેમાં લીમખેડાના શ્રી હસ્તેશ્વર સ્કૂલ ના અંગ્રેજી માધ્યમ નું ૯૯.૦૦ ટકા પરિણામ અને ગુજરાતી માધ્યમ નું ૯૫.૩૮ ટકા પરિણામ પ્રાપ્ત થયું હતું ગુજરાતી માધ્યમ ના વિદ્યાર્થી બારીયા દેવેન્દ્ર ૯૯.૭૨ પી.આર સાથે પ્રથમ બરિયા હિરલ ૯૯.૬૭ પી.આર સાથે દ્વિતીય અને ચૌહાણ જાગૃતિ ૯૯.૩૬ પી.આર સાથે તૃતીય સ્થાન પ્રતાપ કર્યું હતું સાથે અંગ્રેજી માધ્યમ માં ચૌહાણ કરણે ૯૮.૦૦ પી.આર સાથે પી .આર સાથે પ્રથમ પરમાર જિજ્ઞીષા ૯૭.૦૭ પી.આર સાથે દ્વિતીય અને અંજલિ ૯૭.૩૬ પી.આર સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓને ટ્રસ્ટી ભરતભાઈ ભરવાડ અને રાકેશભાઈ ભરવાડ દ્વાર શુભેચ્છાઓ પાઠવી હતી.



## ગોધરાના સોહમ મંજાણીએ ધો.10ની પરીક્ષામાં સફળતા મેળવી સિંધી સમાજનું ગૌરવ વધાર્યું

**ગોધરા :** સોહમ મંજાણીએ પોતાની મહેનત અને લગનથી મુખ્ય વિષયોમાં ખૂબ જ પ્રશંસનીય ગુણ પ્રાપ્ત કર્યા છે . સામાજિક વિજ્ઞાન: ૧૦૦ માંથી ૧૦૦ ગુણ, ગણિત: ૯૯ માંથી ૧૦૦ ગુણ, વિજ્ઞાન ૯૯ માંથી ૧૦૦ ગુણ સાથે ૯૯.૨૮ પર્સન્ટાઇલ મેળવેલ છે.. સોહમની આ ભવ્ય સફળતા પાછળ તેના માતા-પિતાનું પ્રોત્સાહન, શિક્ષકોનું યોગ્ય માર્ગદર્શન અને પરિવારના સભ્યોના આશીર્વાદનો મોટો ફાળો રહ્યો છે. સોહમની આ સિદ્ધિ બદલ ગોધરા સિંધી સમાજના પ્રમુખશ્રી તથા અન્ય હોદ્દેદારોએ શુભેચ્છાઓ પાઠવી હતી અને સોહમની ઉજ્જવળ કારકિર્દી માટે આશીર્વાદ આપ્યા હતા. આ તકે શહેરના અગ્રણીઓ અને સ્નેહીજનો દ્વારા સોહમ પર અભિનંદન વર્ષા થઈ રહી છે અને અન્ય વિદ્યાર્થીઓ માટે પણ તે પ્રેરણારૂપ બન્યો છે.

## હાલોલની કલરવ શાળાનું અગ્રેજી તેમજ ગુજરાતી માધ્યમમાં ધો.10નું ઝળહળતું પરિણામ, વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો

### કલરવ શાળા પરિવાર વતી સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભેચ્છા પાઠવવામાં આવ્યા હતા

(પ્રતિનિધિ) હાલોલ, તા.6
હાલોલની કલરવ શાળાનું ધો.૧૦ નું ઝળહળતું પરિણામ છેલ્લા ૨૭ વર્ષથી આવી રહયું છે ત્યારે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી અને ગૌરવ અનુભવાય રહયું છે.ચાલુ સાલે હાલોલ કેન્દ્રનું પરિણામ ૭૫.૮૮% આવેલ છે ત્યારે કલરવ શાળાનું અંગ્રેજી માધ્યમનું ૯૫% પરિણામ આવ્યું છે. જેમાં અંગ્રેજી માધ્યમમાં પ્રથમ ક્રમાંકે દીપીકા શર્મા (૯૭.૪૯(PR)(AI ગ્રેડ), દ્વિતિય ક્રમાંકે તનુજા સુથારીયા(૯૪.૧૨(PR)) (A2 ગ્રેડ) અને તૃતીય ક્રમાંકે પ્રિયા પટેલ (૯૨.૫૪(PR)) (A2 ગ્રેડ) આવેલ છે.શાળાનું સમગ્ર પરિણામ જોતાં અંગ્રેજી માધ્યમમાં A1 ગ્રેડમાં ૧, A2 ગ્રેડમાં ૬, B1 ગ્રેડ માં ૧૫, B2 ગ્રેડમાં ૧૦, C1 ગ્રેડમાં ૧૧, C2 ગ્રેડમાં ૭ અને D ગ્રેડમાં ૧ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જ્યારે કલરવ શાળાનું ગુજરાતી માધ્યમનું ૯૦% પરિણામ આવ્યું છે. જેમાં ગુજરાતી માધ્યમમાં પ્રથમ ક્રમાંકે અનુક્રમે માહી વરીઆ (૯૯.૯૫ (PR)) (A1 ગ્રેડ), દ્વિતિય ક્રમાંકે ઉન્નતિ પ્રજાપતિ (૯૮.૨૭ (PR))(A1 ગ્રેડ), તૃતીય ક્રમાંકે ધ્રુવ સોલંકી (૯૫.૯૦(PR)) (A1 ગ્રેડ), ચતુર્થ ક્રમાંકે આસ્થા પરમાર (૯૫.૭૪(PR)) (A1 ગ્રેડ) સાથે આવેલ છે. શાળાનું સમગ્ર પરિણામ જોતાં ગુજરાતી માધ્યમમાં A1 ગ્રેડમાં ૪, A2 ગ્રેડમાં ૨૩, B1 ગ્રેડ માં ૨૧, B2 ગ્રેડમાં ૨૧, C1 ગ્રેડમાં ૧૬ અને C2 ગ્રેડમાં ૪ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જે શાળાના શ્રેષ્ઠ શિક્ષકોના માર્ગદર્શન ને આભારી છે. કલરવ શાળા પરિવાર સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભેચ્છા પાઠવે છે. આમ આજે વહેલી સવારથી ધો.10 ના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. જે પરિણામો આવ્યા બાદ કયાંક ખુશીના આંસુ છલકાયા હતા તો કયાં નાપાસ થયેલા અથવા ઓછા ટકા સાથે પાસે થયેલા વિદ્યાર્થીઓમાં વસવસો જોવા મળી રહ્યો હતો.




**પરિણામો આવ્યા બાદ પાસ થયેલા વિદ્યાર્થીઓમાં ખુશીના આંસુ છલકાયા હતા તો કયાં નાપાસ થયેલા અથવા ઓછા ટકા સાથે પાસે થયેલા વિદ્યાર્થીઓમાં વસવસો જોવા મળી રહ્યો હતો**

### અન્ય બે ડૂબતા યુવકોને ગોતાખોરોએ બચાવી લીધા હતા

# માછણ ડેમમાં ન્હાવા પડેલા ત્રણ છોકરાઓ પૈકી એકનું ડૂબી જવાથી મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.6
દાહોદ જિલ્લાના ગોવિંદગુરુ લીમડી તાલુકાના ટાન્ડી ગામે માછણ ડેમમાં નાહવા પડેલા મંદિર ફળિયાના ત્રણ છોકરાઓ પૈકીના એક છોકરાનું ડેમના ઊંડા પાણીમાં ડૂબી જવાથી મોત નીપજયાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર ગોવિંદગુરુ લીમડી તાલુકાના ટાન્ડી ગામે મંદિર ફળિયામાં રહેતા ૪૫ વર્ષીય રમેશ ભાઈ સુરતાનભાઈ બારીયાનો છોકરો ૧૮ વર્ષીય વિશ્વાસભાઈ, નાનો છોકરો વિક્રમભાઈ તથા રમેશભાઈ બારીયાનો ભત્રીજો હિતેશ એમ ત્રણે પિત્રાઈ ભાઈઓ



ગઈકાલે સવારે આઠેક વાગ્યાના સુમારે ગામમાં આવેલ માછણ ડેમમાં ન્હાવા પડ્યા હતા.

અને ત્રણે જણા ડેમના ઊંડા પાણીમાં પહોંચી જતા ત્રણે જણા ડુબવા લાગ્યા હતા. જેથી આ ત્રણેયને બચાવવા સ્થાનિક તરવૈયા તથા ઝાલોદ ફાયર બ્રિગેડના લાશ્કરો તેમજ ગોતાખોરો એ વિક્રમ તેમજ હિતેશને ભારે પ્રયાસને અંતે ડેમના ઊંડા પાણીમાંથી બહાર કાઢી બચાવી લીધા હતા. જ્યારે ૧૮ વર્ષીય વિશ્વાસભાઈ બારીયા ડેમના ઊંડા પાણીમાં ડૂબી ગયા બાદ બહાર ન આવતા તેનું મોત નીપજ્યું હતું. આ સંબંધે ટાન્ડી ગામના મંદિર ફળિયામાં રહેતા રમેશભાઈ સુરતાનભાઈ બારીયાએ લીમડી પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરતા લીમડી પોલીસે આ સંદર્ભે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

# બારિયા મરગાળા ગામે પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ : ખેડૂતોને માર્ગદર્શન અપાયું




(પ્રતિનિધિ) સુખસર,તા. 6
સુખસર તાલુકાના બારિયા મરગાળા ગામમાં કૃષિ સહાયક ધ્રુવી પટેલ દ્વારા ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ અને માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે ખેડૂતોને રસાયણ મુક્ત ખેતી પદ્ધતિઓ, ખર્ચમાં ઘટાડો અને જમીનની ઉર્વરાશક્તિ વધારવા અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતી અપનાવવાથી ખેડૂતોની આવકમાં વધારો થવા સાથે સ્વચ્છ અને શુદ્ધ ખોરાક ઉપલબ્ધ થાય તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાજ્યપાલ અને પ્રધાનમંત્રીના પ્રાકૃતિક ખેતી દ્વારા સમૃદ્ધિના લક્ષ્યને સાકાર કરવા માટે આ પ્રકારના તાલીમ કાર્યક્રમો મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે.

### ઝાલોદ કેળવણી મંડળમાં વહીવટી ભૂકંપ

# પ્રચંડ બહુમતીથી વિજેતા બનેલા ઉપપ્રમુખ પાર્થ પટેલનું રાજીનામું

(પ્રતિનિધિ) દાહોદ, તા.6
ઝાલોદ પંથકની અત્યંત પ્રતિષ્ઠિત ગણાતી શૈક્ષણિક સંસ્થા 'ઝાલોદ કેળવણી મંડળ'માં વહીવટી વિખવાદે ગંભીર વળાંક લીધો છે. વર્ષ ૨૦૨૪-૨૫ની ચૂંટણીમાં ૫૫૬ જેટલા રેકોર્ડબ્રેક મતો મેળવી લોકશાહી ઢબે પ્રચંડ વિજય હાંસલ કરનાર અને ત્યારબાદ સર્વાનુમતે ઉપપ્રમુખ પદે બિરાજમાન થયેલા પાર્થ કિરણભાઈ પટેલે અચાનક રાજીનામું ધરી દેતા સમગ્ર પંથકના શૈક્ષણિક અને રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. શૈક્ષણિક જગતમાં આ સમાચાર



વાયુવેગે ફેલાતા મંડળના સભ્યો, વાલીઓ અને નગરજનોમાં અનેક પ્રકારના તર્ક-વિતર્ક શરૂ થયા છે. પાર્થ પટેલે પોતાના રાજીનામા પત્રમાં ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે, સંસ્થાના હિતને બાજુ પર મૂકી કેટલાક 'વિઘ્નસંતોષી' તત્વો પોતાના અંગત સ્વાર્થ સાધવા માટે વહીવટમાં સતત અડચણો ઊભી કરી રહ્યા છે. પારદર્શક વહીવટ કરવા છતાં તેમની વધતી જતી લોકપ્રિયતાથી ડરી ગયેલા અને ઈર્ષ્યા કરતા તત્વોએ તેમના પર પાયાવિહોણા આક્ષેપો કરી તેમની સામાજિક ગરિમા અને પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડી છે. વધુમાં તેમણે આક્રમક વલણ અપનાવતા ચીમકી ઉચ્ચારી છે કે, જો તેમના પર કરવામાં આવેલા આક્ષેપોના નક્કર પુરાવા રજૂ કરવામાં નહીં આવે, તો તેઓ જવાબદાર તત્વો સામે માનહાનિનો દાવો માંડી કાર્યવાહી કરશે.

### માર્ગ અકસ્માતના ભોગ બનનાર નાગરિકો માટે સારા સમાચાર

# 'PM RAHAT' યોજના હેઠળ 1.5 લાખ સુધીની મફત કેશલેસ સારવાર

(પ્રતિનિધિ) ગોધરા તા.6
માર્ગ અકસ્માત દરમિયાન 'ગોલ્ડન અવર' (અકસ્માત બાદનો પ્રથમ કલાક) માં ઈજાગ્રસ્ત વ્યક્તિને ત્વરિત સારવાર મળી રહે અને કિંમતી જીવ બચાવી શકાય તેવા ઉમદા હેતુથી ભારત સરકાર દ્વારા 'PM RAHAT' (કેશલેસ ટ્રીટમેન્ટ સ્કીમ) અમલમાં મૂકવામાં આવી છે. પંચમહાલ જિલ્લાના તમામ નાગરિકો આ મહત્વપૂર્ણ યોજનાથી માહિતગાર થાય તે માટે આર.ટી.ઓ. ગોધરા દ્વારા ખાસ વિગતો જાહેર કરવામાં આવી છે.

આ યોજના અંતર્ગત માર્ગ અકસ્માતનો ભોગ બનનાર કોઈપણ વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ થયાના પ્રથમ ૭ દિવસ સુધી અથવા મહત્તમ ૧.૫ લાખ સુધીની કેશલેસ સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. અકસ્માતના ભોગ બનેલી વ્યક્તિને નાણાંની ચિંતા કર્યા વગર તાત્કાલિક સારવાર મળશે.

અકસ્માત દીઠ વ્યક્તિગત રીતે ૧.૫ લાખ સુધીની સારવાર મફત મળશે. હોસ્પિટલ નેટવર્ક: આ યોજના હેઠળ સૂચિબદ્ધ (Empaneled) તમામ ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં આ સુવિધા ઉપલબ્ધ રહેશે. ગોલ્ડન અવરનો ઉપયોગ: અકસ્માત પછીના પ્રથમ કલાકમાં સારવાર શરૂ કરીને મૃત્યુદરમાં ઘટાડો કરવાનો મુખ્ય લક્ષ્ય છે. કોઈ કાર્ડની જરૂર નથી: આ યોજનાનો લાભ લેવા માટે કોઈ પણ પ્રકારના પૂર્વ-નોંધણી કાર્ડની જરૂર નથી, અકસ્માતગ્રસ્ત વ્યક્તિ સીધી જ આ સેવાનો લાભ મેળવી શકે છે. પ્રાદેશિક પરિવહન અધિકારી, ગોધરા દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, અકસ્માતના સમયે ગભરાવાને બદલે ભોગ બનનારને તુરંત નજીકની અધિકૃત હોસ્પિટલમાં ખસેડી આ યોજનાનો લાભ અપાવવો. વધુ વિગતો માટે પરિવહન વિભાગની અધિકૃત વેબસાઈટ અથવા આર.ટી.ઓ. કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે.

# અમદાવાદના વેપારીએ લોટના કટ્ટા મંગાવી તેના પૈસા ન ચૂકવી રૂપિયા 5.51 લાખની ઠગાઈ કરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.6
અમદાવાદના એક વેપારીએ દાહોદના એક વેપારી પાસેથી રૂપિયા ૫.૫૧ લાખ ઉપરાંતની કિંમતના લોટના કટ્ટા મંગાવી તે સસ્તા ભાવે વેચી નાખી દાહોદના વેપારીને તેના બિલના પૈસા નહી આપી ઠગાઈ કર્યાનું સનસનાટ જણાઈ આવ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ સ્ટેશન રોડ પર આવેલ ગરવી ફુડ્સ એન્ડ દાહોદ ગોદી રોડ અંદર ક્રિષર પાસે ચાક્લીયા રોડ પાસે જ્યાઈન્ડ્રીસ માં લોટની મિલ બજરંગ વેશી નાખી તેના બિલના નીકળતા નાણા બંધન નરેશકુમાર દેસાઈએ નહીં આપી ઠગાઈ કરી હતી, બંધન દેસાઈએ આ નાણા માટે કેટળી ફરિયાદ કર્યા બાદ ફોન કર્યા છતાં તેની કોઈ અસર ન થવાથી અને નાણા ન મળતા તથા બંધન દેસાઈને અનેક વાર ફોન કરવા છતાં અને તેઓએ દાહોદ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આ સંબંધે ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે અમદાવાદના બંધના ટેસ્ટ પ્રાઈવેટ લિમિટેડના સાંજન મોહમદભાઈ કુરેશીના વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૧૬(૨) મુજબનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.